# મોંઘવારી નાથવા રાજયોને આદેશ

## ચીજવસ્તુઓના ભાવ છેલ્લા કેટલાક દિવસથી રેકોર્ડગતિએ વધતા નરેન્દ્ર મોદી સરકાર ચિંતાતુર

નવી દિલ્હી,તા. ૯

જુદી જુદી ચીજવસ્તુઓના વધતા જતા ભાવના કારણે કેન્દ્ર સરકાર હવે ચિંતાતુર બની ગઈ છે. સરકારે હવે આની ગંભીર નોંધ લઈને તમામ રાજ્યોને ભાવ સ્થિર થાય તે દિશામાં પગલા લેવા માટે સુચના આપી છે. પુરવઠાની ખાતરી કરવા માટે રાજ્યોને સુચના આપવામાં આવી છે. ભાવ સ્થિર થાય તે માટે પગલા લેવામાં સુચના આપવામાં આવી છે. રાજ્યો પાસે રહેલા આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે ટામેટા, કઠોળ અને ડુંગળી સહિતની ચીજવસ્તુઓએના ભાવ આસમાને પહોંચી ગયા છે. વર્ષ ૨૦૧૪માં આ ગાળા દરમિયાન જે કિંમતો હતી તેની સરખામણીમાં હાલમાં ભાવ ખુબ વધારે છે. માત્ર બટાકાની કિંમતમાં હાલમાં રાહત થઈ છે. આ વર્ષે બટાકાની છુટક કિંમતમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલય પાસે રહેલા આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે એક વર્ષમાં હોલસેલ અને રિટેલ ટામેટાના ભાવમાં ક્રમશ ૪૩ અને ૩૬ ટકાનો રેકોર્ડ વધારો થયો છે. નજીકના ભવિષ્યમાં ભાવમાં હજુ વધારો થઈ શકે છે. કારણ કે તહેવારની સિઝન દરમિયાન ટામેટાના પુરવઠામાં વધારો થાય તેવી શક્યતા ઓછી છે. બીજી બાબત એ છે કે આ ચીજને લાંબા સમય સુધી સ્ટોર કરી શકાય નહી. કારોબારીઓ કહી રહ્યા છે કે વેપારીઓ કૃત્રિમ રીતે કિંમતો વધારી રહ્યા છે. રાજ્યોને હવે કેટલીક ખાતરી કરવા માટે કહેવામાં આવ્યું છે. વેપારીઓ સ્થિતીનો લાભ ન ઉઠાવે તેની ખાતરી કરવા માટે કહેવામાં આવ્યું છે. ડુંગળીની હોલસેલ અને છુટક કિંમતમાં પણ ક્રમશ એક મહિનાના ગાળામાં ક્રમશ ૨૧ અને ૧૯.૫ ટકાનો વધારો થયો છે. જ્યારે વાર્ષિક આધાર પર ક્રમશ ૧૨.૬ અને ૧૦ ટકાનો વધારો થયો છે. સરકારી હેવાલમાં જણાવાયું છે કે કુલ ડુંગળી ઉત્પાદન ૧૮.૯ મિલિયન ટન છે. ઉપલબ્ધ જથ્થો ૪૦ લાખ ટન ભેજના પ્રમાણના કારણે જાળવી શકાય તેવી સ્થિતિ નથી. ઉંચા ભેજના કારણે બગાડ થવાની શક્યતા વધારે રહે છે. મંત્રાલય દ્વારા રાજ્ય સરકારોને સૂચના આપવામાં આવી છે કે, તમામ જરૂરી ચીજવસ્તુઓના ભાવને કાબૂમાં રાખવામાં આવે તે ખુબ જરૂરી છે. મગ સિવાય કઠોળની તમામ વેરાઈટીની છુટક કિંમતો છેલ્લા એક વર્ષના ગાળામાં ઉલ્લેખનીયરીતે વધી ગઈ છે. ચણાની દાળની કિંમતમાં ૩૫.૯ ટકા, અડદની દાળની કિંમતમાં ૪૩ ટકા સુધીનો વધારો થયો છે જ્યારે મગ અને મસુરની દાળમાં ક્રમશઃ ૧૬ અને ૨૭ ટકા સુધીનો રેકોર્ડ વધારે થઈ ચુક્યો છે. કઠોળની કિંમતોમાં વધારો થવા માટે કેટલાક કારણો જવાબદાર છે જે પૈકી સૌથી મહત્વપૂર્ણ કારણ એ છે કે, સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં કઠોળનું ઉત્પાદન ૧૯.૨૫ મિલિયન ટન રહ્યું હતું જે ૨૦૧૪-૧૫ના ગાળામાં ૧૭.૩૮ મિલિયન ટન રહ્યું હતું. પરિસ્થિતિને પહોંચી વળવા માટે એક્શન પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યોછે. રાજ્યોને પ્રવર્તમાન સ્ટોરેજની ક્ષમતાને વધારવા અને સાથે સાથે પુરતા જથ્થાની ખાતરી કરવા કહેવામાં આવ્યું છે. ચોક્કસ ચીજવસ્તુઓના ભાવમાં વધારો થાય નહીં તે માટે કિંમતો ઉપર નજર રાખવા મોનિટરિંગ સેલની રચના કરવા માટે પણ કહેવામાં આવ્યુંછે જેના પરિણામ સ્વરુપે ભાવ વધારા ઉપર હવે અંકુશ મુકી શકાશે.



## બ્રિક્સ દેશોમાં આર્થિક સહકાર અતિ મહત્વપૂર્ણ : મોદીનો મત

ઉફા,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, મજબૂત આર્થિક સહકાર બ્રિક્સ દેશોની અંદર ખુબ જ મહત્વપૂર્ણ છે. રશિયન શહેર ઉફામાં બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલમાં બોલતા મોદીએ કહ્યું હતું કે, અમને અમારી તાકાતને સમજી લેવાની જરૂર છે. સાથે સાથે સ્કીલ ડેવલપમેન્ટ ઉપર સહકાર કરવાની પણ જરૂર છે. આજે બે દિવસની બ્રિક્સ બિઝનેસ બેઠક શરૂ થઈ હતી જેમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના નેતાઓ ભાગ લઈ રહ્યા છે. મોદીએ વધુમાં કહ્યું હતું કે, અમને બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલને મજબૂત કરવાની જરૂર છે. અગ્રણી દેશો જે વિશ્વમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે તે દેશોને પણ સહકાર સાથે આગળ વધવાની જરૂર છે. મોદીએ દેશોના વિકાસ માટે બ્રિક્સની જરૂરિયાત ઉપર પ્રકાશ ફેંક્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે, બ્રિક્સ શિખર બેઠક વિઝન તરીકે આર્થિક વિકાસ ધરાવે છે. એકંદર વિશ્વના કારોબારમાં અમે ૧૮ ટકાની હિસ્સેદારી ધરાવીએ છીએ. મોદીએ કહ્યું હતું કે, કોન્ટીજેન્સી રિઝર્વ એરેજમેન્ટ વાસ્તવિકતામાં ફેરવાઈ શકે છે. અગાઉ દિવસમાં મોદીએ ભારતીય બિઝનેસ નેતાઓ સાથે વાતચીત કરી હતી. મોદી શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની શિખર બેઠકમાં હાજરી આપવા માટે ઉફામાં રોકાયેલા છે. શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની આ બેઠક શુક્રવારના દિવસે યોજાનાર છે. ભારત છ દેશોના આ ગ્રુપમાં ઓબ્ઝર્વર તરીકેનો દરજ્જો ધરાવે છે. રશિયા, ચીન, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, ઉઝબેકિસ્તાન, તઝાકિસ્તાન જેવા છ દેશો આમા જોડાયેલા છે. આવતીકાલે યોજાનાર શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની શિખર બેઠકનું ખાસ મહત્વ રહેલું છે. પ્રવર્તમાન વૈશ્વિક સ્થિતિ વચ્ચે આ વાતચીત ઉપયોગી સાબિત થઈ શકે છે. ભારત ઓબ્ઝર્વર તરીકેના દરજ્જાને જાળવી રાખવા માટે ઉત્સુક છે. સાથે સાથે શાંઘાઈ સહકાર વધે તે માટે પણ પ્રયત્નશીલ છે.

## ભારતીય સેના મોટાપાયે અધિકારીઓની ભરતી કરશે

નાગપુર,તા. ૯

ભારતીય સેનાએ જુનિયર કમીશન્ડ ઓફિસરો અને અન્ય રેન્કના અધિકારીઓની ભરતી કરવા માટે હવે કમર કસી લીધી છે. લાંબા સમયથી ખાલી રહેલી મહત્વની જગ્યાઓને હવે ભરવામાં આવનાર છે. ઓફિસરોની નોંધણી માટે ઓનલાઈન નોંધણી કરવા માટે હવે તેની વેબસાઈટને ભારતીય સેનાએ વધારે અપડેટ કરી છે. રીક્રુટમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા આ વેબસાટિને ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે. એક અખબારી યાદીમાં આજે જણાવાયું હતુ કે નવા માળખામાં કેટલીક ખાસ સુવિધા રાખવામાં આવી રહી છે. ડિરેક્ટોરેટ ઓફ બ્રાન્ચ રિક્રુટમેન્ટ ઓફિસ કર્નલ જોશી દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. વેબસાઈટ પર ઉમેદવારો તેમની નોંધણી કરાવી શકે છે. ત્યારબાદ વેબસાઈટ પર અરજી કરી શકે છે. ભરતીની તારીખ અપલોડ કરવામાં આવનાર છે. સાથે સાથે મિડિયા મારફતે નોટિફાઈડ કરવામાં આવશે. ઓનલાઈન નોંધણી નિર્ધારિત ભરતીના ૪૫ દિવસ પહેલા શરૂ કરવામાં આવનાર છે. એક વખતે ઉમેદવારોને સફળરીતે ઓનલાઈન અરજી કરી દેશે ત્યારબાદ સિસ્ટમના ભાગરૂપે નોટીસને ધ્યાનમાં લેવામાં આવનાર છે.

નાગપુર સેન્ટર જાન્યુઆરી ૨૦૧૬માં આગામી ભરતી રેલી યોજનાર છે. જેમા ઉત્સુક અને રસ ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકે છે. સેનાએ લાંબા સમય બાદ ઓફિસરોની સીધી ભરતી કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. હાલમાં સેનામાં અધિકારીઓની વ્યાપક જગ્યાઓ ખાલી છે. ભારતીય સેનામાં ખાલી જગ્યાઓના કારણે કેટલીક કામગીરી ઉપર સીધીરીતે અસર થઈ રહી છે.

### આંતરરાષ્ટ્રીય સરહદ પર ગામોને વધુ વિકસાવવાશે

નવીદિલ્હી,તા. ૯

આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ૧૦ કિલોમીટરની અંદર ગ્રામિણ વિસ્તારોમાં વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. ગૃહ, ગ્રામિણ વિકાસ, રમતગમત, આરોગ્ય અને માનવ સંશાધન મંત્રાલયો હવે પ્રાથમિકતાના આધાર પર આંતરરાષ્ટ્રીય સરહદની ૧૦ કિલોમીટરની અંદર ભારતીય વિસ્તારમાં તમામ ગામોને વિકસિત કરવા માટે તૈયાર છે. રમતગમતની પ્રવૃત્તિ અને ગ્રામિણ ટ્યુરિઝમના પ્રમોશન ઉપર ખાસ ભાર મુકવામાં આવશે. ગૃહ મંત્રાલય દ્વારા આ સંદર્ભમાં નવેસરથી માર્ગદર્શિકા જારી કરવામાં આવી ચુકી છે. બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ તમામ ગ્રામિણ વિસ્તારોમાં લંબાવવામાં આવી ચુક્યો છે. સત્તાવાર યાદી મુજબ બીએડીએપી હેઠળ ફંડ રાજ્યોને આપવામાં આવે છે તે ૧૦૦ ટકા સહાયના ભાગરુપે હોય છે. આ કાર્યક્રમ વર્ષ ૨૦૧૫-૧૬ના નાણાંકીય વર્ષ માટે બજેટની ફાળવણીના સ્વરુપમાં હોય છે. બીએડીપી હેઠળ પરવાનગી વાળી સ્કીમની યાદી તૈયાર કરી લેવામાં આવી છે જેમાં હવે સ્વચ્છ અભિયાન, સ્કીલ ડેવલપમેન્ટ, રમતગમતની પ્રવક્તિને પ્રોત્સાહનનો સમાવેશ થાય છે. ગ્રામિણ વિસ્તારોમાં હેલીપેડનું નિર્માણ પણ કરવામાં આવનાર છે. બીએડીપી દ્વારા ૧૭ રાજ્યોમાં ૧૦૪ સરહદી જિલ્લાઓના ૩૬૭ સરહદી બ્લોકમાં આ સ્કીમ અમલી બનાવવામાં આવી ચુકી છે.

## રાજનાથસિંહ આઠ ઉત્તરપૂર્વના મુખ્યમંત્રી સાથે વાતચીત કરશે

અગરતલા,તા. ૯

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ ૧૧મી જુલાઈના દિવસે ગુવાહાટીમાં આઠ ઉત્તરપૂર્વીય રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરશે જેમાં આતંકવાદી ગતિવિધિ અને સરહદી પ્રવૃત્તિને લઈને નવી વ્યૂહરચના ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આજે જણાવવામાં આવ્યું હતું કે, ઉત્તર પૂર્વના મુખ્યમંત્રીઓ સાથે આ બેઠક ખુબ જ મહત્વની રહેશે. સરહદી મુદ્દા આમા છવાયેલા રહેશે. ત્રિપુરાના ગૃહ વિભાગના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, રાજનાથસિંહ અને તેમના ડેપ્યુટી કિરેન રિજ્જુ શનિવારના દિવસે ગુવાહાટીમાં ઉત્તર પૂર્વીય રાજ્યોના મુખ્યમંત્રીને મળશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, શનિવારે આ બેઠક દરમિયાન અન્ય મદ્દાઓ ઉપર પણ ચર્ચા થશે જેમાં આતંકવાદ, બોર્ડર મેનેજમેન્ટ, કુદરતી હોનારત, ક્લાઈમેન્ટ ચેઈન્જના મુદ્દા પણ છવાશે. કેટલીક નક્કર વ્યૂહરચના નક્કી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગૃહમંત્રાલયના ટોપ અધિકારીઓ, બોર્ડર મેનેજમેન્ટ વિભાગ, ઈન્ટેલીજન્સ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ, આસામ રાયફલ, રાજ્ય સરકારોના અધિકારીઓ દિવસ સુધી ચાલનાર આ બેઠકમાં ભાગ લેશે. ઉત્તર પૂર્વીય ભારતમાં હાલમાં આતંકવાદી ગતિવિધિમાં વધારો થયો છે. જેના પરિણામ સ્વરુપે ગૃહમંત્રાલય અને સેનાના પ્રતિબંધિત સંગઠનો સામે કેટલાક નક્કર પગલા લેવાની ફરજ પડી છે. નાગા બળવાખોર સંગઠન નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ સામે હાલમાં જ કાર્યવાહી કરવામાં આવી હતી. મ્યાનમારમાં ઘુસીને ભારત સરકાર દ્વારા જોરદાર કાર્યવાહી કરવામાં આવી હતી. ભારતીય સેનાએ મ્યાનમાર સત્તાવાળાઓની મંજુરી સાથે બળવાખોરો સામે જોરદાર કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં આતંકવાદી અડ્ડાઓને ફૂંકી મારવામાં આવ્યા હતા.

## વન રેંક વન પેન્શનને લઇ મોદી સરકાર પૂર્ણ કટિબદ્ધ : પારિકર

લખનૌ,તા. ૯

સંરક્ષણપ્રધાન મનોહર પારીકરે આજે પુનરોચ્ચાર કર્યો હતો કે, નરેન્દ્ર મોદી સરકાર સશસ્ત્ર દળો માટે વનરેંક વન પેન્શન સ્કીમ માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે, આ સ્કીમને યોગ્ય સમયે અમલી બનાવવામાં આવશે. પારીકરે ઉમેર્યું હતું કે, વનરેંક વન પેન્શન સ્કીમને લઈને સેનાના જવાનોને ધીરજ રાખવાની જરૂર છે. તેમની માંગણી તરફ ધ્યાન આપવામાં આવી ચુક્યું છે. તમામ પાસાઓ ઉપર વિચારણા ચાલી રહી છે. તમામ ગણતરી કરી લેવામાં આવ્યા બાદ આ યોજનાને અમલી બનાવવામાં આવશે. વન રેંક વન પેન્શન માટેની તેમની માંગણી ઉપર દબાણ લાવવા દિલ્હીમાં ભૂખ હડતાળ ઉપર મનોહર પારીકર ઉતરી ગયા હતા. દિલ્હીમાં તેમની ભૂખ હડતાળ બાદ આ વાત પારીકરે કરી હતી. સંરક્ષણમંત્રીએ કહ્યું હતું કે, તેમની માંગ તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. બીજી બાજુ પરમાણુ હથિયારોના ઉપયોગના સંદર્ભમાં પાકિસ્તાનમાં સંરક્ષણ મંત્રી દ્વારા આપવામાં આવેલી ચેતવણીના સંદર્ભમાં જવાબ આપતા પારીકરે કહ્યું હતું કે, ભારત કોઈપણ ધમકીને પહોંચી વળવા માટે સજ્જ છે. ઉત્તર પ્રદેશમાંથી સંસદના રાજ્યસભાના સભ્ય પારીકરે કેન્ટોન્મેન્ટ બોર્ડના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કેન્ટોન્મેન્ટ વિસ્તાર મારફતે પસાર થનાર મહત્વકાંક્ષી પ્રોજેક્ટના રૂટ સાથે સંબંધિત સમસ્યાના સંદર્ભમાં આને દૂર કરવા લખનૌ-મેટ્રો રેલવે કોર્પોરેશનને મદદ કરવા માટે સરકાર તૈયાર છે. પારીકરે એમ પણ કહ્યું હતું કે, જ્યારે પણ યોજના તૈયાર કરી લેવામાં આવશે અમે સંરક્ષણ મંત્રાલયને મોકલવામાં આવશે ત્યારે તેની તરફ ધ્યાન આપવામાં આવશે. પારીકરની આજની બાબતને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પારીકરે કહ્યું હતું કે, ભારત તેની સરહદો માટે સક્ષમ છે. મિનિસ્ટરે આ ટિપ્પણી પાકિસ્તાનના સંરક્ષણમંત્રી આશીફના નિવેદન બાદ કરી છે. આશીફે કહ્યું હતું કે, તેના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકે છે. મુંબઈના હુમલાના માસ્ટરમાઈન્ડ જાકી ઉર રહેમાન લખવીની મુક્તિના મુદ્દે પાકિસ્તાન સામે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પગલાની દરખાસ્તને ચીન દ્વારા રોકવાની હિલચાલ અંગે વાત કરતા પારીકરે કહ્યું હતું કે, આ મામલો વિદેશમંત્રાલય અને વડાપ્રધાન સાથે સંબંધિત છે. સરહદપારથી આતંકવાદના મુદ્દે તેમણે કહ્યું હતું કે, આતંકવાદી ગતિવિધિમાં હવે ઘટાડો થયો છે. જો કે, સંરક્ષણમંત્રીએ ભવિષ્યમાં મ્યાનમાર જેવા હુમલાની શક્યતા અંગે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, આ પ્રકારની બાબતો ગુપ્ત હોય છે તેને અન્યો સાથે વહેંચી શકાય નહીં. પારીકરે ઉમેર્યું હતું કે, મ્યાનમાર જેવી કાર્યવાહી અંગે તેઓ ટિપ્પણી કરવા માંગતા નથી.



## એએપી ધારાસભ્ય મનોજ કુમારની અટકાયત કરાઈ

નવીદિલ્હી,તા. ૯

આમ આદમી પાર્ટીને ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં પાર્ટીના ધારાસભ્ય મનોજ કુમારની હુમલા કરવાના કેસમાં દિલ્હી પોલીસ દ્વારા આજે અટકાયત કરવામાં આવી હતી. મિડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, મનોજ કુમારની વિધિવતરીતે પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી ચુકી છે. જો કે, તેમની સામે જે કલમો લાગૂ કરવામાં આવી છે જે જામીનપાત્ર છે. કુમાર સામે ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ એફઆઈઆર નોંધાયા પછી તેમની ધરપકડ કરાઈ છે. એફઆઈઆરના બે મહિના બાદ તેમની ધરપકડ કરાઈ છે. એકયુવાને માર મારવાની ફરિયાદ દાખલ કરી હતી. આ યુવાને ફરિયાદમાં કહ્યું હતું કે, મયુરવિહાર વિસ્તારમાં તેમને માર મારવામાં આવ્યા હતા. બીજી બાજુ ૨૬ વર્ષીય યુવાન સામે ક્રોસ એફઆઈઆર દાખલ કરાવી હતી.

## ખેડૂતોની વસ્તીમાં ૯૦ લાખ સુધીનો નોંધપાત્ર ઘટાડો થયો

નવી દિલ્હી,તા. ૯

દેશમાં ખેડૂતોની વસ્તીમાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૦૧ની સરખામણીમાં ખેડૂતોની સંખ્યામાં આશરે ૯૦ લાખનો ઘટાડો થયો છે. ચાર દશકમાં પ્રથમ વખત ખેડૂતની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાતા સરકારની ચિંતા વધી ગઈ છે. વસ્તી ગણતરી સાથે સંબંધિત આંકડાઓ જારી કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે કુલ વર્કફોર્સ પૈકી સિંચાઈ સાથે સંકળાયેલા ખેડૂતોમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. ૧૯૭૧ બાદથી પ્રથમ વખત ખેડૂતોની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો છે. રજિસ્ટ્રાર્ડ જનરલ ઓફ ઈન્ડિયાની ઓફિસ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે સાક્ષરતાનો દર અને સેક્સ રેસિયો પણ બદલાયો છે. ભારતની વસ્તી, સાક્ષરતાનો દર અને સેક્સ રેસિયો માટે અંતિમ આંકડા આપનાર વસ્તી ગણતરીના આ આંકડામાં વિગતવાર માહિતી આપવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે વર્કરોને ચાર ઓદ્યોગિક કેટેગરીમાં વિભાજિત કરવામાં આવ્યા છે જેમાં સિંચાઈ કરનારાઓ, કૃષિ લેબર, હાઉસ હોલ્ડ ઈન્ડસ્ટ્રી વર્કરો અને અન્યોનો સમાવેશ થાય છે. સિંચાઈ કરનારાઓ બીજા સૌથી મોટા ગ્રૂપ તરીકે છે અને તેની સંખ્યા ૧૧૯ મિલિયનની આસપાસની છે પરંતુ કુલ વર્કફોર્સ પૈકી ચોથા ભાગ કરતા પણ ઓછા વર્કરોની સંખ્યા ઘટી છે. વર્ષ ૨૦૦૧ની સરખામણીમાં ટકાવારી ઘટતાં સરકારની ઊંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા ૫૦ વર્ષમાં કુલ વસ્તી પૈકી ખેડૂતોની સંખ્યા સ્થિર રીતે ઘટી રહી છે પરંતુ આંકડાકીય દૃષ્ટિએ જોવામાં આવે તો આ સંખ્યા વધુ પ્રમાણમાં ઘટી છે. અગાઉના દશકોમાં કૃષિ મજૂરોમાં વધારો થયો હતો. હવે ૧૧૪ મિલિયન કૃષિ મજૂરો છે જે કુલ વર્કર વસ્તીના ૩૦ ટકાની આસપાસ છે જે ૨૦૦૧માં ૨૬.૫ ટકા હતી. કૃષિ લેબરમાં વધારો થવા માટે કેટલાક કારણો જવાબદાર છે જે પૈકી ઉત્તરોઉત્તર સમયગાળાનો જમીન જાળવતા લોકોની સંખ્યામાં ઘટાડો થઈ ગયો છે. સિંચાઈ કરનારાઓ અને કૃષિ મજૂરો વચ્ચે કૃષિમાં ૨૬૩ મિલિયન લોકો કામ કરી રહ્યા છે જે પૈકી તમામ લોકો પૈકી અડધા છે. કૃષિને પ્રોત્સાહન આપવા માટે સરકાર વારંવાર ફાળવણીમાં વધારો કરે છે. અન્ય પગલાં પણ લે છે. છતાં કૃષિ કરનાર લોકોની સંખ્યા ઘટી રહી છે. ભારત મુખ્ય રીતે કૃષિ ઉપર આધારિત દેશ છે આવા સમયમાં ખેડૂતોની સંખ્યામાં ઘટાડો થવાની બાબત ગંભીર ચિત્ર રજૂ કરે છે.

## સેંસેક્સ ૧૧૪ પોઈન્ટ ઘટીને ૨૭૫૩૪ની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૯

બેંચમાર્ક શેર ઈન્ડેક્સમાં આજે સતત ત્રીજા દિવસે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. મૂડીરોકાણકારો હવે સાવધાનીપૂર્વકનું વલણ અપનાવી રહ્યા છે. આઈટીના શેરમાં પણ તેજી રહી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૧૧૪ પોઈન્ટ ઘટી ૨૭૫૩૪ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૫ પોઈન્ટ ઘટી ૮૩૨૮ની નીચી સપાટીએ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. માર્કેટમાં સ્થિતિ હકારાત્મક રહી હતી. ૧૫૦૪ શેરમાં તેજી અને ૧૩૦૦ શેરમાં મંદી નોંધાઈ હતી. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો દ્વારા ૩૫૪.૩ કરોડની કિંમતના શેર વેચી દેવામાં આવ્યા છે. બીએસઈ આઈટી અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં મંદી નોંધાઈ હતી. આ બંનેમાં ક્રમશઃ ૧.૯ અને ૧.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં બે ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ઓટોના શેરમાં આજે તેજી રહી હતી. કારણ કે કારના વેચાણના આંકડા જારી કરવામાં આવ્યા હતા જેમાં જૂન મહિનામાં ૧.૫ ટકાનો વધારો થયો છે. ટુ વ્હીલર્સના વેચાણમાં જૂન મહિનામાં ૩.૫૫ ટકાનો વધારો નોંધાયો છે. ઈન્ડેક્સ હેવીવેઈટ રિલાયન્સમાં ૦.૭૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વના બજારો ગઈકાલે હચમચી ઉઠ્યા હતા. ચીની શેરબજારમાં તીવ્ર કડાકાની સીધી અસર ભારતીય શેરબજાર ઉપર પણ જોવા મળી હતી. કારોબારના અંતે બુધવારે સેંસેક્સ ૪૮૪ પોઈન્ટ ઘટીને ૨૭૬૮૭ની નીચી સપાટીએ પહોંચ્યો હતો જ્યારે નિફ્ટી ૧૪૭ પોઈન્ટ ઘટીને ૮૪૦૦ની સપાટીએ રહ્યો હતો.

## વ્યાપમ કૌભાંડમાં સીબીઆઈ તપાસનો સુપ્રીમ કોર્ટનો આદેશ

નવીદિલ્હી,તા. ૯

સુપ્રીમ કોર્ટે વ્યાપમ કૌભાંડ સાતે સંબંધિત ફોજદારી કેસોમાં તપાસને આખરે સીબીઆઈને સોંપી દીધી છે. આ મામલામાં ૫૦ જેટલા લોકોના મોત થઈ ચુક્યા છે. સુપ્રીમ કોર્ટે આજે સીબીઆઈ તપાસનો આદેશ કરી દીધો હતો. વધુ કેટલીક નક્કર કડીઓ સપાટી ઉપર આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સીબીઆઈ હવે મધ્યપ્રદેશમાં વ્યાપક પ્રવેશ અને ભરતી કૌભાંડના મામલામાં સોમવારના દિવસથી તપાસ કરશે. વ્યાપમ કૌભાંડમાં એક પછી એક મોતના મામલાઓ સપાટી ઉપર આવી ચુક્યા છે. વ્યાપમ કૌભાંડના તમામ કેસોમાં સીબીઆઈ તપાસનો આદેશ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવી ચુક્યો છે. વ્યાપમ સાથે સંબંધિત લોકોના જ મોત થઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર, મધ્યપ્રદેશ સરકાર અને રાજ્યપાલ રામનરેશ યાદવને પણ નોટિસ ફટકારવામાં આવી ચુકી છે. વન્ય વિભાગના કૌભાંડમાં સંડોવણી બદલ રાજ્યના રાજ્યપાલ સામે એફઆઈઆરને રદ કરવાનો મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને આ અરજી કરવામાં આવી હતી. અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યપાલ બંધારણીય હોદ્દો ધરાવે છે જેથી તમામમાં મુક્તિ ધરાવે છે. કોંગ્રેસે ગઈકાલે જ દાવો કર્યો હતો કે, ૪૯ લોકોના મોત થઈ ચુક્યા છે. સીબીઆઈને તમામ વ્યાપમ સંબંધિત કેસો સોંપવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે રાજ્ય સરકારે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ) અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) પાસેથી તપાસને લઈને સીબીઆઈને સોંપવાની મંજુરી આપી હતી. ચીફ જસ્ટિસ એચએલ દત્તુના નેતૃત્વમાં બેંચે કહ્યું છે કે, તમામ કેસો સોમવારથી સીબીઆઈને ટ્રાન્સફર કરી દેવામાં આવશે. સીબીઆઈ ૨૪મી જુલાઈ અથવા તો તે પહેલા તેનો રિપોર્ટ રજૂ કરશે. સીબીઆઈને તપાસ સોંપતા પહેલા સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ સરકાર તરફથી ઉપસ્થિત રહેલા એટર્ની જનરલ મુકુલ રોહત્યાગીની રજૂઆતને સાંભળી હતી અને કહ્યું હતું કે, રાજ્ય સરકારને વ્યાપમ કૌભાંડમાં તપાસ કરવાને લઈને કોઈ વાંધો નથી. એટર્ની જનરલે એવી રજૂઆત પણ કરી હતી કે, મધ્યપ્રદેશ સરકાર વ્યાપમ કૌભાંડ સાથે સંબંધિત મામલા સીબીઆઈને સોંપવામાં આવે તેને લઈને કોઈ ખચકાટ અનુભવ કરતી નથી. મધ્યપ્રદેશ પોલીસના સ્પેશિયલ ટાસ્ક ફોર્સે કોર્ટમાં કહ્યુંહતુંકે, એસ યાદવ ૮મી ફેબ્રુઆરીના દિવસે ભોપાલમાં ખાનગી હોસ્પિટલમાં માંદગીથી મૃત્યુ પામ્યો હતો. કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી અન્ય એક અરજી સહિત શ્રેણીબદ્ધ અરજીઓ ઉપર સુનાવણી આજે ચલાવી હતી અને આખરે સીબીઆઈ તપાસનો આદેશ કર્યોહતો. અગાઉ કોર્ટને એવી માહિતી આપવામાં આવી હતી કે, કૌભાંડમાં વધુ એક સાક્ષીનું મોત થઈ ચુક્યું છે.

## ફેડરર અને એન્ડી મરે વચ્ચે આજે સેમિફાઈનલની મેચ

લંડન,તા. ૯

રિચર્ડ ગેસ્કેટે ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન સ્ટેન વાવરિન્કા ઉપર અતિ રોમાંચક મચેમાં જીત મેળવીને સેમિફાઈનલમાં આગેકૂચ કરી લીધી છે. આની સાથે જ તે બીજી વખત વિમ્બલ્ડન સેમિફાઈનલમાં આગેકૂચ કરી છે. વાવરિન્કા ઉપર પાંચ સેટ સુધી ચાલેલી મેચમાં ગેસ્કેટે ૬-૪, ૪-૬, ૩-૬, ૬-૪ અને ૧૧-૯થી જીત મેળવીને આગેકૂચ કરી હતી. વાવરિન્કા ફ્રેન્ચ ઓપન જીત્યા બાદ વિમ્બલ્ડનમાં જીતવા માટે મેદાનમાં ઉતર્યો હતો પરંતુ તે વધારે સમય સુધી ટકી શક્યો ન હતો. પુરૂષના વર્ગમાં ક્વાર્ટર ફાઈનલ મેચમાં રિચર્ડ ગેસ્કેટે સ્ટેન વાવરિન્કા પર પાંચ સેટ સુધી ચાલેલી મેચમાં જીત મેળવી લીધી હતી. વાવરિન્કા ૨૧મા ક્રમાંકિત ખેલાડી ફ્રાન્સના રિચર્ડ ગેસ્કેટ સામે રમ્યો હતો. વાવરિન્કાએ પ્રથમ સેટમાં ૪-૬થી જીત મેળવી હતી. પરંતુ બીજા અને ત્રીજી સેટમાં ૬-૪, ૬-૩તી જીત મેળવી હતી. ચોથા સેટમાં ગેસ્કેએ ૬-૪થી જીત મેળવી લેતા મેચ પાંચ પાંચ સેટોમાં પ્રવેશી ગઈ હતી. જોકોવિચનો સામનો હવે રિચર્ડ ગેસ્કેટ સામે રમશે. રોજર ફેડરર અને એન્ડી મરે આમને સામને રહેશે.રોજર ફેડરર અને મરે વચ્ચેની મેચ ફાઈનલ સમાન બની રહે તેવી શક્યતા છે. જો કે ફાઈનલમાં જોકોવિક અને ફેડરર રમે તેવી શક્યતા છે. વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ હવે અંતિમ તબક્કામાં પ્રવેશ કરી ચુકી છે. ટોપ ચાર ખેલાડી હવે અંતિમ રાઉન્ડમાં છે. ફેડરર આવતીકાલે એન્ડી મરે સામે ટકરાશે. આ મેચને લઈને ઉત્સુકતા દેખાઈ રહી છે. રોજર ફેડરર સાત વખત વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ જીતી ચુક્યો છે અને તે એન્ડી મરે ઉપર ૧૨-૧૧ની સાંકડી લીડ ધરાવે છે પરંતુ ગ્રાન્ડસ્લેમમાં ફેડરરની લીડ ૪-૧ની છે જેમાં ૨૦૧૨માં વિમ્બલ્ડન ફાઈનલનો સમાવેશ થાય છે.